॥ શ્રીહરિઃ ॥

—યાગન—

પાટણ "અનાથ બાળાશ્રમ" ખુલતાં વંચાયેલી

કવિતા

રચી પ્રસિદ્ધ કરનાર

દશરથલાલ ગંગારામ વ્યાસ.

મેનેજર અને માલેક. આનંદ માસિકપત્ર.

પાટણ—ગુજરાત.

અમદાવાદ—સત્યવિજય પ્રિન્ટિંગ પ્રેસના

મેનેજર શાકળચંદ હરિલાલે છાપ્યું.

સને ૧૯૧૧ તાઃ ૧૬-૪-૧૧ સં. ૧૯૬૭

મૂલ્ય (ફ્રી) પ્રેમથી વાંચવું.

(વિદ્યાપીઠ ૩૩૭૯

—આનંદ માસિક પત્ર.—

આનંદ માસિકપત્ર અમ્દાવા તરફથી સન. ૧૯૦ ના સપ્ટેંબરથી બીજા અવતાર તરીકે પ્રસિદ્ધ થાય છે. જેના મુખ્ય લેખક. રાધનપુર રાજ્યના માજી રેવન્યુ કમીશ્નર હાલમાં એક મહાત્મા તરીકે મનાનાર રા. રા. **અનંતપ્રસાદ ત્રીકમલાલ** શ્રી વૈશ્નવ છે. તેમજ મે. ઓનરેબલ લલ્લુભાઈ શામલદાસનાં દીકરી **સૌ. સુમતિ** બહેનના વિદ્વત્તા ભર્યા લેખો આવ્યા કરે છે. ભક્તિરસથી ભરપૂર આ ગાયન પાંચ ફરમાના માસિકપત્રનું લવાજમ પોસ્ટેજ સાથે માત્ર રૂ. ૨—૦—૦ એજ છે. ચાલુ પાંચમા વર્ષમાં બ્રહ્મસૂત્ર ભાષ્ય, મણિપ્રવાલહાર બીજો ભાગ અને શ્રી ગુણરત્નકોશ એ રીતે ત્રણ પુસ્તકો ભેટમાં અપાય છે. ગતાંકો નવિન ગ્રાહકને આખી વર્ષ ગણવામાં આવે છે. ભેટના પોસ્ટેજના પાંચઆના જૂદા. લાયબ્રેરી જેવી સંસ્થા માટે રૂ. ૧—૮—૦ છે.

પાટણ } દશરથલાલ ગંગારામ વ્યાસ.
મેનેજર. આનંદપત્ર.

॥ श्री हरिः ॥

—यशोगान—

"અનાથ બાળાશ્રમ."

મે. નેકનામદાર પરોપકારી શ્રી ખાસેરાવ ભગવવંતરાવ યાદવ કડીપ્રાંત સુબા સાહેબના મુબારક હસ્તે પાટણના ઝવેરી મી. છગનલાલ મગનલાલનું અનાથબાળાશ્રમ ખુલ્લું મુકાયું તે વખતે વંચાયેલી કવિતા.

गीति छंद.

પરમ કૃપાવર વિનવું,
પરમાત્મા શ્રીપતિ જોડી પાણી:
સ્હાય થજે સર્વેશ્વર,
અનાથબાળાશ્રમે વદું વાણી. ૧
હિત વિચારી ચિત્તે,
પરોપકારી કરે કામ આજે;
સુકીર્તિ પ્રસરાશે,
થાશે પ્રિય પ્રભુ સદાય શુભ કાજે. ૨
જન જાતિનો જગમાં,
જે જન જરૂર ધર્મને જાણે:
દુઃખ છેદે દુનિયાનાં,
ઉદારતા એ સદૈવ ઉર આણે. ૩

वसंततिलका.

ઉદાર આપ થઈને દુઃખી દિલજાણો,
દ્યો આશરો જન અનાથ પ્રતિ સુજાણો;

તેમાં તમારૂં હિત છે નકિ ચિત્ત માનો,
રંકો તણાં દુઃખ નિવારી બનો મહાનો. ૪

नाराच छंद.

અનાથબાળ આશ્રમે સુખી થવાનું સર્વદા,
અનાથબાળ આશ્રમે દુઃખી થવાનું ના કદા;
વિચારી હિત આપનું ઉદારતાથી કાજ આ,
કરે ઝવેરી પ્રેમથી સ્વીકારતી સમાજ આ. ૫

हरिगीत छंद.

આપી પ્રભુએ હોય,
સંપત તો ઉદાર બનો બહુ;
નવટાંકમાંથી ટાંક પણ,
જન રાંકને પોષો સહુ;
સુકૃત્ત વિશે જન વાવરો,
નિજ દીલ ઉમદા ધારીને;
તો તો કૃપાળુ ઈશ કરશે,
હિત ચિત વિચારીને.. ૬

નિર્ભય નગારૂં વાગશે,
સદ્કીર્તિનું જગમાં સદા;
પરના કરી ઉપકાર બની,
ઉદાર રે'વું સર્વદા;
સદ્ભાગ્ય આજે આપણું કે,
કાર્ય આ શુભ થાય છે;
યાદવતણા શુભ હસ્તથી,
આશ્રમ અહીં ખોલાય છે. ૭
આ કાર્ય કીધું પ્રિતથી,
પોતાની મિલ્કત રોકીને,
છે ધન્યવાદ **ઝવેરીને**,
એમાં ન કહું ખોટું રતી;
બાળો અનાથોની સદા,
આથી જવાની નિજ વ્યથા;
કોડે કરેલા કામથી,
રાજી રહે જન સર્વથા. ૮

—सवैया—

ધન્ય ધન્ય શુભ કાજ આજનું,
થાય સુબા નર વરના હાથ;
ચંચળતા ચાતુરતા પટુતા,
ન્યાય કુશળતા ભરી અગાધ;
ગુણનાયક સુખદાયક વળી એ,
પ્રજા તણા ભારી હિતકાર;
ખાસેરાવ ભગવંત પ્રતાપી,
કડી પ્રાન્ત સુબા સુખકાર. ૯
યાદવ કુલાવતંસી નરવર,
શ્રીમંતના સાચા પ્રીતિપાત્ર;
પાટણની આ રંક પ્રજાના,
ખરા બેલી મૂળથી છે આપ;
રાજ્યકાજમાં કુશળ વળી,
કેળવણી લઇને લીધું માન;
શ્રીમંતની ધારેલી ધારણા,
પાર પાડી આપે સુદામ. ૧૦

દેશવિદેશે વિશેષ ફરીને,
અનેક અનુભવ લીધા આપ;
એ અનુભવનો લાભ આપીને,
પ્રજા તણા કાપે સંતાપ;

સુખી પ્રજા કયમ થાય રાજ્યની,
એજ વિચારો જેના ઊર;
એ નરવરનાં **યશોગાન** કયમ,
ગાવાને આવે ના શૂર ? ૧૧

ખેતીવાડીના ખાસ અનુભવી,
અદલન્યાયી જગમાં વખણાય,
રાજ્ય અને લોકોની સેવા,
કરવા ચૂકયા નથી જરાય;
વિવિધ ગુણાલંકૃત ધરી લક્ષે,
શ્રીમંત ખૂશી થયા અપાર;
સુવર્ણ ચાંદને બઢતી આપી,
ભરી રાજ્યનો મહા દરબાર. ૧૨

પાટણની આ પ્રજા પીડાતી,
પાણી માટે વારંવાર;
જળ નળ દેવા ઊર ઊતારી,
શીરપર લીધો સઘળો ભાર;

એક વર્ષમાં જળ નળ મળશે,
હર્ષ અમારો ઉભરે અ્હાર;
તે નરવરના કોમળ હસ્તે,
આ આશ્રમ ખુલે હિતકાર. ૧૩

(પણ) ગટરવિનાથી સટરપટર,
નવ કામ થાય લક્ષે ધરશો;
જે માટે **શ્રીમંતે** લક્ષે,
લીધું છે તેવું કરશો;

સારી ગટર થવાથી મચ્છર,
આદિ જંતુ 'નવ રે' પાસ;
તેવું ઊર ઉતારી દાના કરશો,
આ શુભ કાર્યજ ખાસ.. ૧૪

स्रग्धराछंद.

શું શું શું હું વખાણું, ભગવત સુતના,
ગૂણુ ગાજે વધારે;
ન્યાયે નિપૂણ પુરા, જન સહુ મનમાં,
ઇશનો અંશ ધારે;
પ્રેમી પોતે પ્રજાના, હિતકર સહુના,
રાજ્યની ભક્તિ કર્તા;
શ્રી ખાસેરાવ શાણા, અવિચળ જગમાં,
રહો દીનો દુઃખ હર્તા. ૧૫

પ્રજાજનો આપ પરોપકારી,
નૌતમ નરવર માટે જીગરથી શું કહે છે?

गजल.

ભલાઈ આપની જગમાં,
કહેવાઇ રહી જે છે;

રહો કાયમ હમેશાં તે,
જનોની માગણી એ છે. ભલાઇ. ટેક. ૧૬
હમેશાં રાજ્યની મર્યાદમાં,
ફરતા રહો પ્યારા,
વફાદારી ભરેલા પ્રેમના,
પીનાર જે તે છે. ભલાઇ. ૧૭
જુવો નજરે કરી તેવા,
જનોના મર્મ સંભાળી;
મળીને ગુપ્તગો કરતા,
ભલા તે સત્ય શું કહે છે. ભલાઇ. ૧૮
પ્રજાનો પ્યાર મેળવવા,
તમારા દીલમાં જે છે;
એજ એ દિલ તણી રૈયત,
ભલા નિજ હાર્દ શું કહે છે ! ,, ૧૯
જુવો વિક્રમ હતો તેણે,
વેશ પલટી ફર્યો જગમાં;
થયો પરમારથી તેને,

સહુજન ધન્ય બહુ કહે છે, ,, ૨૦
અમોને શ્રીહરિ ગમ્યે,
તમારી ભક્તિ સુખકારી;
હમેશાં વૃત્તિમાં શાન્તિ,
સદા આનંદ તે દે છે. ,, ૨૧
ઉઘાડ્યું આ અનાથાશ્રમ,
મુબારક આપના હસ્તે;
થશે સુખી સદા બાળો,
અતિ આશીષ તે દેશે. ,, ૨૨
સદા સંપત્તિ સંતતિથી,
સુખી રહેજો સુબા શાણા;
કહે **દશરથ** જીગરથી આ,
તમારી ભક્તિમાં તે છે. ,, ૨૩

दोहरा.

ધન્ય ધન્ય ઝવેરી શ્રી,
છગનલાલ હિતકાર;

ઉત્તમ કાર્ય કરી ઉરે,
લીધો જશ આ વાર. ૨૪
નૌતમ નરના હસ્તથી,
ઉઘડયું ઉત્તમ સ્થાન;
ચીરકાળ રાખો હરિ,
માગું એજ નિદાન. ૨૫

इति.

લેખક.

દશરથલાલ ગંગારામ વ્યાસ.
મેનેજર અને માલેક આનંદ માસિકપત્ર.

તા. ૧૬-૪-૧૧
ચૈત્ર વદ ૩ રવિ
સં. ૧૯૬૭.

પાટણ.
ગુજરાત.

—અપૂર્વ લાભ !—

અમ્હારા તરફથી બહાર પડતા આનંદ માસિક પત્રમાંથી જૂદા પાડી બંધાવેલાં ધાર્મિકોને માટે ખાસ પુસ્તકો.

ચોવિસ આખ્યાન—જેમાં ૨૪ ભક્તરાજોનાં ચરિત્ર. પૂર્વરંગ સાથે આપેલાં છે. કિમ્મત રૂ. ૧—૧૨—૦ પોસ્ટેજ રૂ. ૦—૩—૦

બાર આખ્યાન—જેમાં ૧૨ ભક્તોનાં ચરિત્ર પૂર્વરંગ સાથે આપેલાં છે. કિમ્મત માત્ર રૂ. ૧ પોસ્ટેજ રૂ. ૦—૨—૦

રાઘવેન્દ્ર અને રમાદેવી—નોવેલ છે. આ વાર્તા અતિ મનોહર સાથે ધર્મમાર્ગનું એક સોપાન છે. કિ. રૂ. ૦—૮—૦ પોસ્ટ રૂ. ૦—૧—૬

રાસારંભ—આ ઉત્તમ ગ્રંથ માટે વિવેચનજ નથી. કિ. રૂ. ૦—૬—૦

પાટણ—દશરથલાલ ગંગારામ વ્યાસ.